# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

સસ્તાં અનાજ નામે ભૂખ્યાં ને લલચાવી લ્યો!
ગઇ હોજથી હવે બે બૂંદથી બચાવી લ્યો!
નચાવી લ્યો મતદાર ને જીતી લ્યો ચૂંટણી -
હે ગરીબો! વટહુકમને જ પચાવી લ્યો!
(કોણ ગરીબ એ નક્કી જ નથી)

## હાઇકુ

વિશ્વાસ પાત્ર!
બોલ્યા છે હરિશ્ચંદ્ર!
હેડલી બાપુ..
(આતંકી જ હતી..)

તપાસ નાવ,
ભટકે દિશા શૂન્ય -
ન્યાય સાગરે..
(સૂકાની CBI)

## ચિંતન

**કુસુમ સ્તબ કસ્મેય દ્રયી વૃત્તિર્મન સ્વિન : ।**
**મૂર્ધ્નિ વા સર્વ લોકસ્ય શીર્યતે વન એવ વા ॥**

'સ્વાભિમાની વ્યક્તિ જીવન પુષ્પગુચ્છ જેવું છે, પુષ્પગુચ્છનું જીવન બે પ્રકારનું હોય છે એક સન્માનિત લોકોના મસ્તકે ચઢે અથવા (બીજું) વનમાં ને વનમાં કરમાઇ જાય.'

જેમ પુષ્પગુચ્છ-હાર-ફૂલોની માળા કાં તો સન્માનીય સજ્જન ને માથે ચઢે તેમના હાથમાં સોંપવામાં આવે છે અથવા તો વનમાં જ કરમાઇ જાય, આ સિવાય ફૂલોની ત્રીજી ગતિ નથી.

આ શ્લોકમાં રચનાકાર 'મનસ્વી' લોકોના જીવનનો દૃષ્ટિકોણ પણ આ રીતે જ સમજાવ્યો છે. મનસ્વી લોકો કોઇ પણ ક્ષેત્રમાં જયારે પદાર્પણ કરે ત્યારે તેમના સ્વભાવ ને કારણે જે તે ક્ષેત્રમાં 'ઉત્તમ' પ્રથમ ક્રમાંકનું જ કામ કરે છે - 'શ્રેષ્ઠત્વ' એમના સ્વભાવ અને કાર્યમાં વણાઇ ચૂકયા છે, એમના કામમાં જેમ તેમ, ચાલશે, જવાદ્યો જેવી મધ્યમ કે કનિષ્ઠતા આવતી જ નથી કરે તો શ્રેષ્ઠ જ કરે અથવા ન કરે. જો પ્રથમ સ્થાન ન મળે કે તેમના કામ-સ્થાન-માનની અવગણના થાય તો તે અજ્ઞાન અવસ્થામાં, એકાંતમાં ગુપ્ત અવસ્થામાં જીવન પસાર કરી નાખે છે. પણ શ્રેષ્ઠની નીચી કોઇ પણ પરિસ્થિતિ તેમને સ્વીકાર્ય નથી. માન, ગૌરવ અને સ્વભાનનું તેમના જીવનમાં મહત્ત્વ છે. એવા જ ધ્વનિવાળો આ બીજો શ્લોક છે :

અધવાઃ ધનમિચ્છતિ ધનમાનૌ ચ મધ્યમાઃ ।
ઉત્તમાઃ માન મિચ્છતિ માનો હિ મહતાં ધનમ્ ॥
ઉત્તમ લોકોને માટે 'સેલ્ફ રીસ્પેક્ટ' જ સમૃદ્ધિ છે.

## સુવિચાર

- અજવાળુ દુનિયા જોવા માટે છે અને અંધારૂ (રાત) પોતાની જાત જોવા માટે છે **- ઓશો**
- ઝાડ પર દરેક ફળ એક સરખા પાકતા નથી, કેટલાક ખરી જાય, કેટલાક સડી જાય પણ ઝાડ કંટાળતુ નથી **- સંતરામ**
- દુનિયાનું સૌથી મોટું દુઃખ એટલે માણસનું વીતી ગયેલું સુખ, કારણ કે સુખ એક વાર જતું રહે પછી માણસે એ ચાલ્યા ગયેલા સુખને રોયા કરે છે **- અનુભવાનંદજી**
- જીવન એવું જીવવું જોઇએ જેથી આપણા મૃત્યુ પછી લોકોએ અંજલિ આપતી વખતે ખોટું ન બોલવું પડે **- માર્કંડેય**
- કોઇનું દિલ દુભાવવાની કોઇ સજા કાયદામાં નથી, દિલ દુભાવવાની સજા હોત તો, કેટલા બધા એ જેલમાં જવું પડત **- દિપક ચોપરા**
- ઇરાદાપૂર્વક પોતાની જાતને મોટો દેખાડવાની કોશિશ માણસને સાવ વામણો બનાવી દે છે **- નારાયણ મૂર્તિ**

## બોધ કથા

કોઇ પણ કામ પુરી ધગશ, નિષ્ઠા અને ઉત્તમ કક્ષાનું થાય એવી કર્તવ્ય નિષ્ઠાથી જ કરવું જોઇએ. આજકાલ કર્મચારી-કડિયા-કામવાળા પૈસા ના પ્રમાણે 'વેઠ' બહુ ઉતારે છે. દરેકની ભાવના કામ કેમ ન કરવું, ઓછું કરવું કે વેઠની જેમ પુરૂં કરવું એવી જ હોય છે.

એક ઇજનેર વર્ષોથી મકાન બાંધવામાં કામ કરતો - નવી નવી 'સ્કીમ' મૂકે - તેની પોતાની એક મોટી ટીમ હતી એમાં કડિયા-પ્લંબર-ઇલેકટ્રીકવાળા વગેરે હતા.

એક કડિયો વૃદ્ધ થયો - ઇજનેર શેઠને કહ્યું હું ઘણાં વર્ષો તમારી સાથે રહ્યો. હવે મારા દિકરા મોટા થઇ કમાય છે અને મને નિવૃત્ત થઇ ગામડે 'આરામ' કરવાનું કહે છે.

ઇજનેર કહે જો મારી ઓફિસ પાસે એક નાના પ્લોટ છે એમાં 'બે રૂમ રસોડા'નું એક નાનું મકાન બનાવી દે પછી તને યોગ્ય વળતર સાથે છૂટો કરી દઇશ!

કારીગરને એનાં શેઠની કસ કાઢવાની વૃત્તિ જણાઇ જેમ તેમ વેઠથી એ મકાન તૈયાર કરી દીધું - અને શેઠ પાસે ફરી રજા લેવા આવ્યો. શેઠે એને એ મકાનની જ ચાવી આપતાં કહ્યું એ મકાન તે બાંધ્યું એ મારા તરફથી ભેટ સમજજે!

કારીગરે જે વેઠ ઉતારી હતી એનો અફસોસ થયો પણ શું થાય?

E-mail : sureshchandrabhatt18@gmail.com

# પોતાને જીવનની અનેક ચઢઉતરમાં સંતુલિત રાખવા, દરેક પરિસ્થિતિમાં જાળવી રાખવા, આ 'એક' એ બીજું કશું જ નહીં, પણ આપણું 'મન' છે, મન દરેક ચીજનું સ્રોત છે, મન દરેક વિચારનું કેન્દ્ર છે, મન દરેક પરિસ્થિતિનું કેન્દ્રબિન્દુ છે

## જીવન લાગે એક બલા તો શીખો જીવન જીવવાની કલા

### શબ્દ સમીપે

- નટવર હેડાઉ

સદીઓથી વાંચ્યું છે, સાંભળ્યું છે કે, 'જીવન જીવવું એ પણ એક કલા છે.' તમે પણ સાંભળ્યું હશે. વાંચ્યું હશે. પણ કયારેક વિચાર્યું છે ખરૂં કે આપણા જીવનને બુદ્ધિજીવીઓએ એક કલા શા માટે કહ્યું છે? એવું તે વળી શું છે આ જીવનમાં એને જીવવું એ એક કલા છે?

એ પહેલાં કે જીવન ચૂકો, એ પહેલાં કે બધું જ છૂટે, અને જીવન લાગે એક બલા તો શીખો જીવન જીવવાની કલા.

હાં, મારે આજે તમને વાત કરવી છે. તે આજ છે. 'આર્ટ ઓફ લિવિંગ' વ્યક્તિત્વ વિકાસ અને આત્મરૂપાંતર માટે ઉપયોગી સુચનો, માર્ગદર્શન અને ઉપાયોને સમજાવતું એક સુંદર પુસ્તક મારા હાથમાં આવ્યું છે. તેનું નામ 'શીખો જીવન જીવવાની કલા' જન્મ લેવો એ આપણા હાથમાં નથી. પરંતુ જીવનને સુંદર બનાવવું આપણા હાથમાં છે અને જયારે સુખની સંભાવના આપણા હાથમાં છે અને જયારે સુખની સંભાવના આપણા હાથમાં હોય તો પછી દુઃખ કેવું? ફરિયાદ શા માટે? આપણે શા માટે ભાગ્યને અન્ય લોકોને દોષ દઇએ? જયારે સ્વપ્નો જ આપણા હોય તો એ છે કે જીવનની આ યાત્રા સીધી અને સરળ નથી. એમાં દુઃખ છે, તકલીફો છે. સંઘર્ષ અને કસોટી પણ છે. એવી સ્થિતિ - પરિસ્થિતિમાં, માહોલ-હાલાતમાં પોતાને સજગ તેમજ સંતુલિત રાખવું એ ખરેખર એક કલા છે. જેને આ પુસ્તકમાં ૪૯ જેટલા પ્રકરણોમાં અને જુદાં જુદાં છ પાસાંઓને ધ્યાને લઇ સમજાવવામાં આવી છે જેમ કે જીવનને સમજવાની કલા, વ્યક્તિત્વ વિકાસની કલા, આત્મ રૂપાંતરણની કલા, સ્વયં ને જાણવાની કલા સંબંધો જીવવાની કલા, વ્યવહારિક હોવાની કલા વિગેરે...




જીવનમાં અનેક દુઃખો છે, તકલીફો છે પીડાઓ છે, પરીક્ષાઓ છે, અને એ પણ એક નહીં, પણ હજ્જારો-લાખો છે પણ આશ્ચર્યની વાત એ છે કે આ હજ્જારો લાખો દુઃખો અને મુશ્કેલીઓની સમસ્યાઓના ઉકેલ લાખો નથી પરંતુ માત્ર એક જ છે. પરંતુ એ 'એક' શું છે? કયાં છે? એ એકને સમજી લેવું. જાણી લેવું અને સાધી લેવું એ જ કલા છે અને આ કલા એ જ જીવન જીવવાની કલા છે. પોતાને જીવનની અનેક ચઢઉતરમાં સંતુલિત રાખવા, દરેક પરિસ્થિતિમાં જાળવી રાખવા. આ 'એક' એ બીજું કશું જ નહીં. પણ આપણું 'મન' છે. મન દરેક ચીજનું સ્રોત છે. મન દરેક વિચારનું કેન્દ્ર છે. મન દરેક પરિસ્થિતિનું કેન્દ્રબિન્દુ છે. આત્મ રૂપાંતરણ છે. મોક્ષ છે. નિર્વાણ છે. જેને પોતાના મનને સાચવી લીધું, સમજી લો કે બધું જ સાચવી લીધું. કદાચ એટલા માટે જ કહેવામાં આવ્યું છે કે એક સાધતાં બહું સધાય. આ બધો જ ખેલ મનનો છે. જે આપણા સુખ-દુઃખ. આત્મા-પરમાત્મા વચ્ચે ઝૂલતું રહે છે. ભટકતું રહે છે અને આપણે ભટકાવતું રહે છે. એના દૂર થતાં જ તમામ સમાધાનો મળી જાય છે. સમાધિ સધાઇ જાય છે અને આ એક કે જે સર્વશક્તિશાળી 'એક' છે એટલે કે પરમાત્મા, પરમ સુખ આ એકમાં સમાઇ જાય છે.

મન ભળે દેખાતું ન હોય, પણ આ મન આપણને બધું જ દેખાડે છે. કહેવા માટે તો આપણે માણસને ઇન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોનું મિશ્રણ કહીએ છીએ, પરંતુ કોઇ પણ ઇન્દ્રિયો મન વિના કામ કરતી નથી. દરેક ઇન્દ્રિય પાછળ મન છે. આંખો ખુલી હોય છતાં પણ શક્ય છે કે આપણે કશું જ દેખાય નહીં આપણે ઘોંઘાણમાં બેઠા હોઇએ, આપણા કાન ખુલ્લા હોય છતાં શક્ય કાંઇ સંભળાય નહીં. જો મન એ ઇન્દ્રિય સાથે ન હોય તો મન સાવ નિષ્ક્રિય છે. જયા મન આસક્ત થાય છે. ત્યાં ઇન્દ્રિય આપોઆપ ક્રિયાશીલ તથા જાગૃત બની જાય છે.

મન ખુબ જ ચંચળ છે, એની સાથે બધું જ શક્ય છે. તે બહાર એટલે કં સંસારમાં અને અંદર એટલે કે અંતરાત્મા તરફ પણ જઇ શકે છે. એને જે તરફ આકર્ષણ થશે એ તરફ વળી જશે. મન ને બહારની તરફ આકર્ષવા માટે અનેક ચીજો હોય છે. જેમ કે રૂપિયા, પદ, પ્રતિષ્ઠા, ગાડી-બંગલા, બાળકો-પરિવાર, દેહ-મનોરંજન વિગેરે. પરંતુ ભીંતર તરફ મનને એક જ ચીજ આકર્ષી શકે છે. કોઇ એક સત્ય અથવા તો કારણ જ એને અંદરની તરફ વાળી શકે છે. આ 'એક' જ સર્વસ્વ છે. આ 'એક' કારણ જ નિવારણ છે. આ 'એક' ત્યારે મળે છે જયારે વચ્ચે મન ન રહે. જયારે મન વિદાય લઇ લે. ખરી વાત તો એ છે કે જયારે આ 'એક' મળી જાય ત્યારે મન રહેતું નથી. માટે વિચારી જુઓ કે એવી કઇ ચીજ છે? એવી કઇ સ્થિતિ છે કે જયારે મન ભીંતર તરફ આકર્ષાય છે. અને ત્યાં મન જેવું કશું જ રહેતું નથી? આ 'એક' ને શોધી લેવું અને એમાં સમાઇ જવું એ જ એક કલા છે. અને આ કલા જીવનના માધ્યમ દ્વારા જ શક્ય છે.

જીવન આ 'એક' ને પામી લેવા માટેની એક તક છે. એક મોકો છે. માટે જીવન જીવવું એ પણ એક કલા છે. મનમા લુપ્ત થવાનું અને ભીંતર પ્રવેશવાનું કારણ પ્રેમ પણ હોઇ શકે. અને પ્રાર્થના પણ. પ્રકૃતિ પણ હોઇ શકે અને પીડા પણ. આ બધાને લીધે પણ માણસનું ધ્યાન અંદરની તરફ આકર્ષાય છે. પરંતુ આ તો માત્ર પડછાયા છે. એ એક પરમ 'એક' પરમાત્માના. એટલે જ સાધકો એ કહ્યું છે કે 'પ્રેમ' એ જ ભગવાન, જીવન એ જ પ્રભુ છે. પીડા એ જ પૂજા છે. પ્રકૃતિ જ પરમાત્મા છે. વિગેરે વિગેરે...

તો હવે તમે જ કહો કેવી રીતે મેળવશો? સાહસ, સફળતા, સંયમ, આત્મવિશ્વાસ, સંતુલન, સંતુષ્ટિ, એકાગ્રતા, સહનશક્તિ, સકારાત્મક વિચાર અને સુખ.

કેવી રીતે ભગાડશો? કામ ક્રોધ, મોહ, ઇર્ષાય, તનાવ, આળસ, અહંકાર, ભય, નીરસતા, એકલતા, ફરિયાદો અને દુઃખ.

કેવી રીતે સમજશો? પોતાને, જીવનને, સંબંધો અને જવાબદારીઓને, ધર્મ આધાત્મ અને આત્મા - પરમાત્માને.

આ બધું જ વિગતે સમજાવવાના પ્રયત્નો પુસ્તકના લેખક શશિકાન્ત 'સદૈવ' કર્યા છે. બીજા પણ ઘણા લોકોએ કર્યા હશે. પરંતુ વાંચવાથી તો માત્ર એને જાણી શકાય. અનુભવી ન શકાય. એના માટે જીવન જીવવું પડે. સ્વયં જીવન જીવવાની કલા શીખવી પડે, ત્યારે જ તમને ખબર પડે કે આ જીવન શું છે? એને જીવવું એ એક કલા શા માટે છે. અને તે 'એક' શું છે અને કયાં છે. જેના મળવાથી જીવન પરમ સુખ અને પરમ આનંદમાં ફેરવાઇ જશે.

ડિવાઇન પબ્લીકેશન્સના સંવેદનશીલ સંચાલક અમૃત ચૌધરીએ આ પુસ્તક પ્રગટ કરી એ 'એક' તરફ માત્ર ઇશારો કર્યો છે. જેની તરફ દૃષ્ટિ કરીને તમે જીવન જીવવાની કલા શીખી શકો છો.

**શીખો જીવન જીવવાની કલા**
**લેખક : શશિકાન્ત 'સદૈવ'**
**પ્રકાશક : ડિવાઇન પબ્લિકેશન્સ, અમદાવાદ**
**કિંમત : રૂા. ૧૨૫/-**
**આવૃત્તિ : ૨૦૧૨**

# ઈશ્વરની લાલા : ઉત્તરાખંડની હોનારત - ચારધામ યાત્રાના ફળ

## ચેતનાનો સમય

- પ્રો. ઈન્દુભાઈ ભટ્ટ

ઇશ્વરની લીલા અપરંપાર છે. આ લીલાના રહસ્યો ગૂઢ છે. ઇશ્વરે આપણને માનવ યોનીમાં જન્મ આપીને કલ્યાણ કર્યું છે. આપણે ઇશ્વરનો આભાર માનવો પડે કે આપણને અમૂલ્ય એવી માનવ યોનીમાં જન્મ આપ્યો. માનવજાતને ઇશ્વરે સુખ અને દુઃખ આપ્યા છે. કયારેક માનવી સુખમાં આંધળો બની જાય છે. સુખને ભોગવવામાં માનવી ઇશ્વરે બક્ષેલા માનવ મૂલ્યોને કયારેક ભૂલી જાય છે અને સુખથી ધરાતો નથી. વધુ ને વધુ સુખ ભોગવવાની ઘેલછામાં ઇશ્વરે બક્ષેલા સુખને ભોગવવાનું ભૂલીને વધુ સુખને હડપવામાં દુઃખી દુઃખી થઇ જાય છે. અહિંથી માનવીના સુખદુઃખના હિસાબો ઇશ્વરના દરબારમાં લખાવાનું શરૂ થાય છે. સુખ અને દુઃખ એ તો માનવીના મગજમાં ઘર કરી ગેયલી કેટલીક ગેરસમજણો છે.

હા, માનવી પોતેપોતાના સુખો અને દુઃખોનો સર્જક છે. માનવ યોનીમાં આપણને જન્મ આપીને ઇશ્વરે સુખનું સર્જન કરીને આ ધરતી ઉપર માનવી તરીકે જીવન જીવવા મુક્ત કરી દીધો છે છતાં ઇશ્વરે પોતાના હાથમાં લગામ રાખી છે. ઇશ્વરે આપેલા સુખમાં વધારો કરવા માનવીએ દુઃખોને આમંત્રણ આપ્યું છે. અર્થાત્ સુખની શોધની દોડમાં કયારેક માનવી જાણતા અજાણતા કેટલાક પાપો કરી બેસે છે. હવે ઇશ્વર તેમના ચોપડે તમારા ખાતામાં જમા-ઉધારના પાસામાં પાપો ઉધારવાનું શરૂ કરે છે. જમા ઉધારના બે પાસા વચ્ચેનું સમતુલન તૂટીને જયારે ઉધાર પાસું વધી જાય છે ત્યારે ઇશ્વર કેટલીક કસોટીઓ કરીને માનવીને જાગ્રત કરવા પ્રયત્ન કરે છે. આવી જાગૃત અવસ્થામાં કેટલાક લોકો ઇશ્વરની કસોટીમાંથી પાર નીકલી જાય છે એટલે ઇશ્વર તેના જમા ખાતામાં નોંધ કરે છે.

આપણે વાત ઉત્તરાખંડની હોનારતની કરવાની છે. માનવી પોતાના પાપો ધોવા માટે ચારધામની યાત્રાએ નીકળી પડે છે. ઉત્તરાખંડના ચારધામોમાં ઇશ્વરે તેના વિવિધ સ્વરૂપે ધામા નાખ્યા છે. ઉત્તરાંખંડની જે હોનારત થઇ તે એક મોટામાં મોટી ઇશ્વરની કસોટી તરીકે માનવજાતે મુલવવાની છે. સહુ પ્રથમ તો ઇશ્વરનો જે દરબાર ચારધામમાં બિરાજયો છે. તે ચારધામોનાં લોકોએ ઇશ્વરના નામનો વેપલો કરવામાં પાછું વાળીને જોયું નથી. ઇશ્વરના દરબારને ગંદો કરવામાં ત્યાંની વસ્તીએ પાછું વાળીને જોયું નથી. વધારામાં ચારધામની યાત્રાએ આવનારા લોકો ચારધામની યાત્રાના મૂલ્યોને ભૂલીને માત્ર ભૌતિક રીતે યાત્રા કરે છે. જે લોકો આ યાત્રાના મૂલ્યોને સમજીને ચારધામમાં વસેલા દેવદેવીઓ સમક્ષ પોતાનું જીવન સમર્પીત કરીને માનવ યોનીમાં જન્મ આપવા બદલ આભાર માનીને પોતાની જાતને જયારે સંપૂર્ણ રીતે સમર્પીત કરવા નીકળી પડે છે. ત્યારે ઇશ્વરના ચોપડે કેટલાક લોકોના જમા ઉધારના પાસા સરભર થઇને સુખ-દુઃખ-પાપપૂણ્યના પાસા સરખા થાય એટલે ઇશ્વર આવા લોકોને પોતાના દરબારમાં બોલાવી લે છે.

ઉત્તરાખંડમાં લોકોના પણ મૃત્યુ થયા, આ મૃત્યુ એ ઇશ્વરની એક લીલા છે જે જીવતા રહ્યા તેને ઇશ્વરે આ ધરતી ઉપર જીવવા માટે અને ઇશ્વરની કસોટીમાંથી પાર થવા માટે માનવીય મૂલ્યોને સમજીને માનવી સુખની આંધળી દોટ મુકવાનું ચાલુ રાખે ત્યારે ઇશ્વર તેને જીવતો રાખીને સુખ તો આપે છે. પણ તે સુખ ઇશ્વરે નહિ પણ માનવીએ પોતે સર્જન કરેલું છે અને આ સર્જનમાં કયાંક માનવી સુખની પ્રાપ્તિ માટે પાપો કરી બેસે છે. ચારધામની યાત્રા એ તો માનવીનાં પાપ પૂણ્યની પાસાને સરભર કરવા માટે ઇશ્વરે બક્ષેલી યાત્રા છે. ચારધામની આ વખતની યાત્રામાં મૃત્યુ પામેલાને ઇશ્વરે માનવ યોનીમાંથી મુક્તિ આપી ને પોતાના દરબારમાં સ્થાન આપ્યું છે. બચેલા લોકોએ હજુ પોતાના પાપપૂણ્યના પાસાને સરભર કરવા જીવતા રહેવુ પડશે.

બચી ગયેલા લોકોએ એવું માનવાનું નથી કે આપણા પૂણ્ય આડા આવ્યા છે પરંતુ હજુ તમારે પાપપૂણ્ય, સુખ-દુઃખની ઇશ્વરીય કસોટીએ પાર કરવાની બાકી છે. આ કસોટીઓમાંથી તમે પાર નીકળીને ચારધામની યાત્રાએ નીકળશો તો તમારૂં જીવન સાર્થક થશે. ચારધામમાં બેઠેલા દેવદેવીઓનાં આશીર્વાદ મેળવશો. પણ હા, જીવતા રહ્યા તો ઇશ્વરના આ આશીર્વાદને ભૂલીને તમારા પાપપૂણ્યના જમાઉધારના પાસાનું સમતુલન બગાડીને પાપનું ઉધારપાસું વધારતા જશો તો સમજવું કે હજે તમારે આ માનવ યોનીમાં રહીને દુઃખી થવાનું છે. અર્થાત જીવતા રહેવું એ તમારા પૂણ્ય કે સુખની નિશાની નથી પરંતુ તમારે હજી કેટલીક કસોટીઓ પાર કરવાની છે. આ કસોટીઓમાંથી પાસ થશો અને પાપપૂણ્યના પાસા સરભર થશે એટલે ઇશ્વર કોઇ પણ રીતે તમને તેના દરબારમાં બોલાવી લેશે તે પછી ચારધામની હોનાતરૂપે કે આ ધરતી ઉપરનાં માનવીય દુઃખો, બિમારી, તકલીફો જેવા સ્વરૂપે તમારૂં ઇશ્વરના ચોપડે લખાયેલું ખાતું સરભર જેવું થશે એટલે ઇશ્વર તમને બોલાવી લેશે તેને મૃત્યુ ગણીને મૃત્યુને ઇશ્વરનો દંડ સમજીને નહિ પણ મૃત્યુ એ તો ઇશ્વરની લીલા છે. ઇશ્વર તમને તેના દરબારમાં બોલાવી માનવ યોનીમાંથી મુક્તિ આપે છે. ઉત્તરાખંડની હોનારત એ તો ઇશ્વરની એક લીલા છે એ લીલાને સમજીને તમારી ચેતનાને જગાડો. માનવીય મૂલ્યોની અવગણના કરશો નહી.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# સ્ત્રીની સતામણી, એના સ્ત્રીત્વ સાથેની છેડછાડ, એના પરના બળાત્કાર સામે કાનૂની જોગવાઈઓ તો છે, પરંતુ પુરૂષપ્રધાન પોલીસતંત્ર અને એવી જ ન્યાયવ્યવસ્થા એ કાનૂનોનો અમલ થવા દેતાં નથી

## હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

જૂન, ૨૦૧૩માં જિયા ખાન નામની ખૂબસૂરત ફિલ્મી અભિનેત્રીએ મુંબઇમાં આપઘાત કર્યો. નફીસા ખાન એવું મૂળ નામ ધરાવતી. બ્રિટનમાં ઊછરેલી ખૂબ જ બુદ્ધિશાળી અને કુશળ જિયાની કાબેલિયતનું એક જ પ્રમાણ પૂરતું થઇ પડશે. એણે પોતાની પ્રથમ જ ફિલ્મમાં મહાનાયક અમિતાભ બચ્ચન સામે મુખ્ય ભૂમિકા ભજવેલી! ફિલ્મનું નામ 'નિઃશબ્દ' એનો અર્થ થાય અબોલ અને આ અભિનેતી અન્ય બે એક ફિલ્મોમાં કામ કરીને સાવ અબોલ બની ગઇ.

અમિતાભ જેવા સદી શ્રેષ્ઠ અભિનેતાની સામે મુખ્ય સ્ત્રી - ભૂમિકામાં કામ કરવું એટલે કારકિર્દીની ટોચ હાંસલ કરવી. પોતાની પહેલી જ ફિલ્મમાં આમ ટોચ પર પહોંચ્યા પછી વધુ ઊંચે કયાં જઇ શકાય? ખુદ જિયાએ એવું કહ્યું હોવાનું જણાવાય છે કે હવે આથી ઊંચે કયાં જઇ શકાશે?

જિયા ખાનના આપઘાતે વળી અખબારોમાં આ વિષય પર માહિતી અને વિચાર વહેતા કર્યા છે એક ઘટના ઘટી અને એને વિશે થોડાક શબ્દો બોલાયા. અથવા લખાયા અને વાત પૂરી થઇ જાય છે. એ પ્રકારની ઘટનાઓના નિવારણ માટેનાં નક્કર અને વાસ્તવિક અને અમલ યોગ્ય પગલાં ભાગ્યે જ સૂચવાય છે. જો કે આવા પગલાં સૂચવાયા છતાં લેવાતા નથી. શાસનકર્તાઓ પોતપોતાના સ્વાર્થ સાધવામાં એટલાં વ્યસ્ત હોય છે કે જો અમુક પગલાં વોટ-બેંક પોષકને ન હોય તો એ પ્રત્યે ધ્યાન અપાતું નથી અને સૌ જાણે છે. સ્ત્રીઓ લગભગ તો પુરૂષની દોરાયેલી ગાય છે. કહેવત છે ને કે દીકરીને ગાય, દોરે ત્યાં જાય, એમ દીકરી ને સ્ત્રીઓ મત પુરૂષ કહે ત્યાં જાય! આમ છતાં, સારી અને સાચી વાતો લખ્યા વગર રહેવાતું નથી. એ આશાએ કે કયારેક તો કયાંક ઇષ્ટ બુદ્ધિ જાગશે!

સામાન્ય રીતે, છોકરી જન્મે ત્યારથી એને બીજા વર્ગની નાગરિક તરીકે, સેકન્ડ કલાક સિટીઝન તરીકે ઉછેરવામાં આવે છે. નરસંતાનને લાડપ્યાર મળે છે, છોકરીને અભાવોનો અનુભવ કરવો પડે છે. પરણ્યા પછી પણ સ્થિતિ આ જ રહે છે. અરે, પરણ્યા પછી માત્ર અભાવો જ નહિ, મારકૂટ અને મહેણાંટોણા પણ સહન કરવાં પડે છે. વધારે સંવેદનશીલ સ્ત્રીઓ સહન કરી નથી શકતી અને આપઘાતનો માર્ગ અપનાવે છે.

યુવાન સ્ત્રીઓ પતિ અવસાન પામે અને એણે સાસરીમાં રહેવું પડે તો સાસરીમાં રહેવું પડે તો સાસરીનાં પુરૂષવર્ગની હવસની શિકાર બનતી હોય છે. આ સ્થિતિ જયારે અસહ્ય બને ત્યારે એ આપઘાત કરે છે.

ધારો કે યુવાન સ્ત્રી વિધવા બન્યા પછી પિયર જાય તો ત્યાં પણ એના સ્ત્રીપણાનો ગેરલાભ લેનારા એટલા જ હોય છે. એવા શોષણથી ત્રાસીને સ્ત્રી આપઘાત કરતા હોય છે.

કામકાજની જગ્યાએ પણ એના પર જાતીય આક્રમણ થતાં રહે છે. ખેતમજૂર સ્ત્રીઓ પર જમીનદારો અને મોટા ખેડૂતો, બાંધકામ પર કામ કરતી સ્ત્રીઓ પર કામ કરતી સ્ત્રીઓ પર કોન્ટ્રાક્ટરો અને સુપરવાઇઝરો, ઓફિસોમાં કામ કરતી સ્ત્રીઓ પર ઉભરી અધિકારીઓ, વાસ્તવમાં, જયાં જયાં સ્ત્રીઓ રોજીરોટી કમાવા જાય છે. ત્યાં એમનાં જાતીય શોષણનો પ્રયત્ન થાય છે અને સ્વમાની સ્ત્રી એવાં આક્રમણથી ત્રાસીને આપઘાત કરે છે.

વિદ્યાર્થીનીઓ અને ખાસ કરીને ઉચ્ચત્તર શિક્ષણ સંસ્થાઓની વિદ્યાર્થીઓને નાપાસ કરવાની બીક બતાવીને તથા ઉચ્ચત્તર પરિણામની લાલચ આપીને એમનું જાતીય શોષણ કરાય છે. વયની યુવતીઓ તો ખૂબ સંવેદનશીલ હોય છે. એ પહેલાં તો પોતાનો બચાવ નથી કરી શકતી, પણ શોષણનો ભોગ બન્યા પછી એટલો બધો ઉદ્વેગ અનુભવે છે કે આપઘાત ભણી દોડી જાય છે.

નારી-માનસ મૂળભૂત રીતે અતિ સંવેદનશીલ હોય છે. કોઇકનાં કડવાં વેણ, કોઇક દ્વારા થતું અપમાન, કોઇક દ્વારા કરાતી ઉપેક્ષા, વગેરે જેવા કારણ એના મનને ચકરાવે ચડાવે છે. એ મનની અંદરનો અંદર વલોવાય છે. એમાંથી જ કયારેક એ મન પરનો કાબૂ ગુમાવી બેસે છે પરિણામ : આપઘાત.

કયારેક એક યા બીજી વ્યક્તિનું મૃત્યુ પણ સ્ત્રીને આપઘાત ભણી ધકેલે છે. પતિનું અવસાન થાય અને સ્ત્રી સાવ નિરાધાર બની જાય એવી સ્થિતિ હોય અથવા પ્રિય સંતાનનું મોત થાય અથવા એક સાથે અનેક પરિવારજનોનાં અવસાન થાય, વગેરે સંજોગોમાં સ્ત્રીને પોતાનું જીવન અકારૂં લાગે છે અને એ મૃત્યુને વહાલું કરે છે.

આવાં અનેક કારણોસર આજે સ્ત્રીઓ આપઘાત કરે છે. અગાઉ જણાવ્યું તેમ, પ્રતિવર્ષ હજારો સ્ત્રીઓ આપઘાત કરે છે. એ સ્થિતિ નિવારવા શું કરવું જોઇએ?

પ્રથમ ઉપાય સ્ત્રી શિક્ષણનો છે. જો શિક્ષિત બનીને સારી એવી કમાણી કરી શકે તો સ્ત્રી નિરાધારી નહીં અનુભવે અને વિપરીત સંજોગોમાં આપઘાત કરવા નહિ પ્રેરાય. અરે, ગરીબ ઘરની યુવતીઓ પણ ઉચ્ચત્તર શિક્ષણ ભલે ન પામે, કશીક ઉદ્યોગની કે કળા કારીગરીની તાલીમ મેળવે. મૂળ વાત આર્થિક પગભરપણાની છે.

પત્રકારત્વ, સાહિત્ય, નાટક, સિનેમા-ટીવી વગેરે દ્વારા પરિવારોને એમ શિક્ષિત કરીએ કે ઘરમાં આવેલી પારકી જણીને દીકરી બરાબર ગણવી જોઇએ. આ કામ આ માધ્યમે ઘણે અંશે કરી પણ રહ્યાં છે, પરંતુ સમાજની જૂની રૂઢિઓ જલ્દી બદલાતી નથી. દરમિયાનમાં, કેટલીક ફિલ્મો અને કેટલીક ટીવી સિરીયલો જાણે વહુ પરનાં જુલમના નવા નવા નુસખા શીખવવા માટે બનતી હોય એવું લાગે છે.

ઘણી ખરી ફિલ્મો અને ફિલ્મી ગીતો કાંઇક એવી છાપ ઉપસાવવા કોશિશ કરે છે કે સ્ત્રી પર આક્રમણ કરી શકાય. એ ઘણી ખરી ફિલ્મો તો એવો સંદેશ આપતી લાગે છે કે સ્ત્રીને જાતીય આક્રમણ ગમે છે! સ્ત્રીને પામવાની એક માત્ર રીત એમના પર જાતીય હુમલો કરવાની છે, એવું પણ કેટલીક ફિલ્મો શીખવે છે. આ પ્રકારની રજૂઆતો પર નિયંત્રણ આપવું જોઇએ.

(અનુસંધાન પાના નં. ૬ પર)